RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 255* Date: 12.07.2021 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## અમિત શાહ મંગળા આરતી કરશે, ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

# આજે ૧૪૪મી રથયાત્રા: જગતના નાથ નગરચર્યાએ નીકળશે

અમદાવાદ,તા.૧૧

ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું હવે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. ત્યારે નગર ચર્યાએ નીકળતા પહેલાં ભગવાનને સોનાવેશથી સજાવવામાં આવ્યાં. વર્ષમાં ફક્ત એક જ વખત ભગવાન સોનાના વાઘા અને આભૂષણોથી સજ્જ થાય છે. આથી ભક્તો ભગવાનના સોનાવેશના દર્શન કરી ધન્યતા અનુભવે છે. યજમાન દ્વારા સોનાવેશનું પૂજન કરવામાં આવ્યું અને ત્યાર બાદ ભગવાનને સોનાવેશ અર્પણ કરવામાં આવ્યાં. ભગવાનના સોનાવેશના સુંદર અને મનોહર દર્શન માટે દૂર-દૂરથી ભક્તો આવ્યાં હતાં. મંદિરના પટાંગણમાં ગજરાજની પૂજા અર્ચના કરવામાં આવી હતી.

### મંદિરના મહંત દિલીપદાસજી તથા ટ્રસ્ટી મહેન્દ્ર ઝા દ્વારા ત્રણેય રથનું પરંપરાગત રીતે પૂજન કરવામાં આવશે



મહત્વનું છે કે, ભગવાન જગન્નાથની નગરચર્યાને હવે ગણતરીના જ કલાકો બાકી છે. જેમાં ભક્તો વિના જ નાથની નગરચર્યા યોજાશે. પરંતુ તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે.

આવતી કાલે ૧૨ જુલાઈના રોજ રથયાત્રાના દિવસની વાત કરીએ તો પરોઢિયે ૪:૦૦ વાગ્યે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતીમાં ઉપસ્થિત રહેશે. ૪:૩૦ વાગ્યે ભગવાનને ખીચડીનો વિશિષ્ટ ભોગ ધરાવાશે. સવારના ૫:૩૦ વાગ્યે ભગવાનની આંખો પરથી પાટા ખોલાશે અને પરંપરાગત પૂજા અર્ચના બાદ ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરામની મૂર્તિઓને રથમાં બિરાજમાન કરાશે.

સવારના ૭ વાગ્યે મુખ્યમંત્રી વિજય રૂપાણી પહિંદ વિધિ કરશે અને મંદિરથી રથને પ્રસ્થાન કરાવશે. બપોરે ૧૨થી ૧ વાગ્યા સુધીમાં ત્રણેય રથ નિજ મંદિર પરત ફરશે. ત્યાર બાદ મંદિરમાં મગ, જાંબુ, ખીચડાનો પ્રસાદ આપવામાં આવશે. બપોરે ભગવાન રથ પરત આવે ત્યારે લોકો મંદિરમાં આવીને દર્શન કરી પ્રસાદનો લાભ લઈ શકશે. ગુરૂપૂર્ણિમા સુધી રથયાત્રાનો મગનો પ્રસાદ વહેંચવામાં આવશે.અમાસના દિવસે ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજી મોસાળ સરસપુરથી નિજ મંદિર પરત ફર્યાં હતાં.ભક્તોની ભારે ભીડ વચ્ચે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ અને ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ નેત્રોત્સવ અને ધ્વજા રોહણ વિધિમાં ભાગ લીધો હતો.જય રણછોડ માખણ ચોર,મંદિરમાં કોણ છે રાજા રણછોડ છે,હાથી ઘોડા પાલખી જય કનૈયાલાલ કી ના નાદથી મંદિર ગુંજી ઉઠ્યું હતું. જગન્નાથ મંદિરમાં સાધુ સંતોનો ભંડારો શરૂ થયો હતો. દર્શન કરવા આવેલા લોકોએ પણ કાળી રોટી અને ધોળી દાળનો પ્રસાદ લીધો હતો.ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ તમામ સાધુ સંતોને ધોતી અર્પણ કરી હતી.

### વધુ વસ્તી વિકાસમાં અડચણરુપ, તેનાથી ગરીબી વધે છે

# મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે નવી જનસંખ્યા નીતિની જાહેરાત કરી



લખનઉ,તા.૧૧

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથએ રવિવારે ઉત્તર પ્રદેશની નવી જનસંખ્યા નીતિના મુસદ્દાનું વિમોચન કર્યું. આ દરમિયાન યોગી આદિત્યનાથે કહ્યું કે, દેશની વધતી જનસંખ્યા વિકાસના માર્ગમાં સૌથી મોટી અડચણ છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર જે નવી જનસંખ્યા નીતિ લઈને આવી છે તેની સાથે સમાજના દરેક વર્ગે જોડાવું પડશે. યોગીએ લોકોને અપીલ કરી કે જનસંખ્યા નિયંત્રણ માટે જાગૃતતા જરૂરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, જે જનસંખ્યા નીતિ સરકાર લઈને આવી છે તેનાથી સમાજમાં ખુશાલી આવશે.


ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, જનસંખ્યા નિયંત્રણ પર છેલ્લા ચાર દશકથી ચર્ચા થઈ રહી હતી. દેશની ગરીબીનું એક મુખ્ય કારણ વસ્તી પણ છે. તેમણે કહ્યું કે જે પણ જનસંખ્યા નીતિ સરકાર લઈને આવી છે તેમાં તમામ વર્ગોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, બે બાળકોની વચ્ચે અંતર ખૂબ જરૂરી છે. તેમણે કહ્યું કે, બે બાળકોના જન્મમાં અંતર ન હોવાના કારણે કુપોષણનો ખતરો પણ વધી જાય છે.

યોગી સરકારે નવી જનસંખ્યા નીતિનો જે મુસદ્દો તૈયાર કર્યો છે જો તે અધિનિયમિત થઈ જાય છે તો આ તે પ્રસ્તાવિત કાયદો ગેઝેટ પ્રકાશિત થયાના એક વર્ષ બાદ લાગુ થઈ જશે. એટલે કે વર્ષ ૨૦૨૨થી ઉત્તર પ્રદેશમાં ૨૦૩૦ સુધી જનસંખ્યા નીતિ લાગુ રહેશે. સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા મુસદ્દામાં જનસંખ્યા નિયંત્રણમાં મદદ કરનારા લોકોને પ્રોત્સાહન આપવાની જોગવાઈ છે, તેની સાથોસાથ તેને ન માનનારા લોકો માટે અનેક સુવિધાઓથી વંચિત કરવાની પણ જોગવાઈ છે.

# ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૧ હજાર નવા કેસ, ૮૯૫ના મોત

ન્યુ દિલ્હી,તા.૧૧

ભારતમાં કોરોનાના નવા કેસ ગઈકાલની સરખામણીમાં આજે ઓછા નોંધાયા છે. ગઈકાલે દેશમાં કોરોનાના નવા ૪૨,૭૬૬ કેસ નોંધાયા હતા અને ૧,૨૦૬ દર્દીઓના મોત થઈ ગયા છે. ભારતમાં કોરોનાના નવા કેસ અને મૃત્યુઆંકમાં સતત ઉતાર-ચઢાવ નોંધાઈ રહ્યા છે.



કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે કોરોનાના નવા ૪૧,૫૦૬ નવા કેસ નોંધાયા છે જેની સામે સામાન્ય ફરક સાથે ૪૧,૫૨૬ દર્દીઓ સાજા થયા છે. જ્યારે વધુ ૮૯૫ દર્દીઓના કોરોનાના લીધે મોત થઈ ગયા છે.

ભારતમાં કોરોનાના વધુ સાડા ૪૧ હજાર દર્દીઓ સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૨,૯૯,૭૫,૦૬૪ થઈ ગઈ છે. જ્યારે કોરોનાના કુલ કેસની સંખ્યા ૩ કરોડને પાર થઈ ગઈ છે. દેશમાં કુલ કોરોનાથી થયેલા મૃત્યુનો આંકડો ૪,૦૮,૦૪૦ થઈ ગયો છે.

૧૬ જાન્યુઆરીએ ભારતમાં કોરોનાના રસી અભિયાનનો પ્રારંભ થયા બાદ કુલ ૩૭,૬૦,૩૨,૫૮૬ ડોઝ આપવામાં આવ્યા છે જેમાં પાછલા ૨૪ કલાકમાં ૩૭,૨૩,૩૬૭ ડોઝ આપવામાં આવ્યા છે.

આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૧ જુલાઈ સુધીમાં કુલ ૪૩,૦૮,૮૫,૪૭૦ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૮,૪૩,૫૦૦ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓક્ટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૪ મેના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી. ૨૩ મેના નવા કેસ સાથે કુલ કેસ ૩ કરોડને પાર થઈ ગયા છે.

# મોદી સરકારમાં મંત્રીઓની સંખ્યા વધી, વેક્સીનની નહીં: રાહુલ ગાંધીએ સરકારને ટોણો માર્યો

ન્યુ દિલ્હી,તા.૧૧

કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મોદી સરકારના કેબિનેટ વિસ્તરણ પર એક વાર ફરી કટાક્ષ કર્યો છે. મોદી કેબિનેટના ૪૩ નવા મંત્રીઓએ શપથ લીધા છે. તાજેતરના કેબિનેટ વિસ્તરણને કોરોના રસીકરણથી જોડીને રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યો છે. એક મીડિયા રિપોર્ટના આધારે તેમણે હેશટેગ #WhereAreVaccines લખીને કહ્યું કે- મંત્રીઓની સંખ્યા વધી ગઈ, વેક્સિનની નહીં. રાહુલ જે મીડિયા રિપોર્ટને આધારે કહ્યું તેના પ્રમાણે ભારતમાં જો દરરોજ ૮૮ લાખ ડોઝ આપવામાં આવશે તો ડિસેમ્બર ૨૦૨૧ સુધી વસ્તીના ૬૦ ટકાનું રસીકરણ થઈ શકશે.

આનાથી ત્રીજી લહેરને રોકવામાં મદદ મળશે. મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે



ભારતમાં અત્યારે દરરોજ સરેરાશ ૩૪ લાખ ડોઝ આપવામાં આવ્યા. રાહુલ ગાંધીએ લખ્યું કે, “મંત્રીઓ સંખ્યા વધી છે, વેક્સિનની નહીં. આ પહેલા કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીના પદથી ડૉ. હર્ષવર્ધનને હટાવવાને લઈને અને મનસુખ માંડવિયાને આ જવાબદારી સોંપવાને લઈને ગુરૂવારના કટાક્ષ કરતા કહ્યું કે, આનો અર્થ છે કે હવે દેશમાં રસીની તંગી નહીં થાય.ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ રાહુલ ગાંધી પર વળતો પ્રહાર કરતા કહ્યું કે, કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી બેજવાબદાર છે અને કોઈપણ કારણ વગર ટીકા કરે છે. પૂર્વ નાણા મંત્રી અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે કહ્યું કે, નવા સ્વાસ્થ્ય મંત્રીનું પહેલું કામ દેશમાં રસીના યોગ્ય અને અડચણો વગરના પૂરવઠાની ખાતરી કરવાનું હોવું જોઈએ. તો કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રવિવારના જણાવ્યું કે, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને ખાનગી હૉસ્પિટલોની પાસે ૧.૪૪ કરોડથી વધારે રસીના ડોઝ છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્રશાસિત પ્રદેશોને અત્યાર સુધી તમામ સ્ત્રોતોથી ૩૮.૬૦ કરોડથી વધારે ડોઝ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, તથા ૧૧,૨૫,૧૪૦ રસી આપવામાં આવવાની છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૪૨

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૮૨૪૨૪૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૨૬૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૮૧૩૨૩૮

# પેટ્રોલ-ડિઝલ અને રાઁધણ ગેસના વધતા ભાવ મુદ્દે માયાવતીએ વડાપ્રધાન પર નિશાન સાધ્યું

લખનૌ,તા.૧૧

વધતી મોંઘવારીને મુદ્દે યુપીના પૂર્વ સીએમ અને બીએસપી અધ્યક્ષ માયાવતીએ કેન્દ્ર અને રાજ્ય સરકારો પર સવાલ ઉઠાવ્યા. માયાવતીએ કહ્યું કે વધતી મોંઘવારીને મુદ્દે સરકારોએ ધ્યાન આપવું જોઈએ. આકાશ આંબતી મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. જણાવી દઈએ કે પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ અને દૂધ વગેરે જેવી જીવનજરૂરી વસ્તુઓની કિંમત દિવસેને દિવસે વધતી જઈ રહી છે.

જીવન જરૂરી વસ્તુઓમાં ભાવ વધારો આવતાં બીએસપી



અધ્યક્ષ માયાવતીએ રવિવારે ટ્વીટ કરતા કહ્યું કે, ‘દેશમાં પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ અને દૂધ વગેરે જેવી જીવન જરૂરી વસ્તુઓની કિંમત જે પ્રકારે સતત વધી રહી છે તેનાથી મોંઘવારી આકાશ આંબી રહી છે જે લોકોના જીવનને દુખી અને ત્રસ્ત કરી રહી છે, છતાં પણ સરકાર તેના પ્રત્યે ગંભીર અને ચિંતિત નથી. કેમ? આ બહુ દુ:ખદ છે.માયાવતીએ પોતાના બીજા ટ્વીટમાં લખ્યું કે, ‘દેશમાં ચારો તરફ છવાયેલી ગરીબી, બેરોજગારી અને મોંઘવારી વગેરેની સમસ્યાથી પ્રભાવી રીતે નિપટવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ પણ આના નિદાનમાં પોતાની પૂરી તાકાત અને સંસાધન લગાવી દેવા જરૂરી છે, જેથી દેશને નિરાશાના માહોલથી બહાર કાઢી વિકાસના સાચા પાટા પર લાવી શકાય.

## તંત્રી સ્થાનેથી...

# મહારાષ્ટ્રના કોંગ્રેસી નેતાએ સોનિયા ગાંધીને પત્ર લખ્યો દિગ્વિજયસિંહને હિન્દુ વિરોધી નિવેદનો આપતા અટકાવો

મહારાષ્ટ્રના એક કોંગ્રેસી નેતાએ પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખીને મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દિગ્વિજય સિંહને કથિત "હિન્દુ વિરોધી નિવેદનો" આપતા અટકાવવા વિનંતી કરી છે. વિશ્વબંધુ નામના આ નેતાએ આરોપ લગાવ્યો કે, છેલ્લા ૧૮ વર્ષથી દિગ્વિજયસિંહ સતત હિન્દુ વિરોધી નિવેદનો આપી રહ્યા છે. આવી સ્થિતિમાં પાર્ટીને હાલાકી વેઠવી પડી રહી છે. વિશ્વબંધુના મતે પાર્ટીએ તેમને તાત્કાલિક મૌન રહેવા કહેવુ જોઈએ અને જો તેમ ન થાય તો પાર્ટીને વધુ નુકશાન સહન કરવુ પડી શકે છે.

વિશ્વબંધુએ સોનિયા ગાંધીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે ૨૦૦૩માં મધ્યપ્રદેશની સત્તામાંથી હાંકી કાઢ્યા ત્યારથી દિગ્વિજય સિંહ પક્ષના હિન્દુ મતદારોને સતત નારાજ કરી રહ્યા છે. તેમણે લખ્યું છે કે, દિગ્વિજય સિંહે મતદારોના ચોક્કસ વર્ગને ખુશ કરવા માટે હિંદુઓની ભાવનાઓને ઠેસ પહોંચાડવા સતત પ્રયાસ કરી રહ્યા છે. તાજેતરમાં, કાશ્મીરમાં કલમ ૩૭૦ વિશે વાત કરીને, તેમણે પાર્ટીના બાકી રહેલા હિન્દુ મતદારોને પણ નારાજ કર્યા છે.

વિશ્વબંધુના મતે, પાર્ટી દરેક રાજ્યમાં તેમના કારણે જ નુકશાન વેઠી રહી છે. તેમણે લખ્યું છે કે, કોંગ્રેસ પાર્ટીએ તેમને ગોવાના પ્રભારી બનાવ્યા, જ્યાં વિધાનસભાની ચૂંટણીમાં એકમાત્ર સૌથી મોટો પક્ષ તરીકે ઉભરી આવ્યા હોવા છતાં અમે સરકાર બનાવવામાં નિષ્ફળ ગયા. દિગ્વિજયસિંહની બેજવાબદારીભર્યું વર્તનનું આ પરિણામ હતું. તેમના પ્રભારી રહેતા આંધ્ર પ્રદેશ, તેલંગાણા જેવા પ્રભાવશાળી રાજ્યોમાં પણ પક્ષને નુકશાન થયું.

વિશ્વબંધુએ સોનિયાને લખેલા આ પત્રમાં દિગ્વિજય સિંહનું કાર્ટૂન પણ બનાવીને મોકલ્યું છે. તેમણે આગળ લખ્યું, 'આટલુ થવા છતાં, તેમને મહત્વપૂર્ણ જવાબદારીઓ, પદ અને રાજ્યસભાનુ સભ્યપદ આપવું મતદારોની માનસિકતા પર ખોટી અસર પાડી રહ્યું છે. કૃપા કરીને મારી વાત ગંભીરતાથી લો અને તેમની વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરો.

## આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાનું નિવેદન

# હિંદુ છોકરો હિંદુ છોકરી સાથે ખોટું બોલીને લગ્ન કરે તો એ પણ જિહાદ



ગૌહાટી,તા.૧૧

દેશમાં અત્યારે જે મુદ્દાઓ ચર્ચામાં છે તેમાંથી એક મુદ્દો 'લવ જેહાદ'નો પણ છે. કથિત લવ જેહાદની અનેક ઘટનાઓ બાદ લવ જેહાદના કાયદા પણ અલગ-અલગ રાજ્યોમાં લાવવામાં આવી રહ્યા છે. બીજેપી શાસિત આસામમાં પણ હવે લવ જેહાદ જેવો કાયદો લાવવામાં આવશે. મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે, આ કાયદો એવા લોકો પર નજર રાખશે જેઓ પોતાનો ધર્મ છૂપાવીને છોકરીઓ સાથે લગ્ન કરે છે. તેમણે સ્પષ્ટ કરી દીધું કે આ લવ જેહાદ કાયદો નહીં કહેવાય અને આ હિંદુ અને મુસ્લિમ બંને પર લાગુ થશે.

હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે, "આ કાયદો આવ્યા બાદ હિંદુ પુરુષ પણ પોતાની જાણકારી છૂપાવીને કોઈ હિંદુ મહિલા સાથે લગ્ન નહીં કરી શકે. અમે આ કાયદા માટે કોઈ લવ જેહાદ શબ્દનો ઉપયોગ કરવા નથી ઈચ્છતા. અમારું માનવું છે કે હિંદુ પણ જૂઠ બોલીને લગ્ન ના કરી શકે. મુસ્લિમ દગાથી હિંદુ મહિલા સાથે લગ્ન કરે છે તો તે જ લવ જેહાદ નથી, મારા માટે તો એ પણ જેહાદ છે જ્યારે કોઈ હિંદુ આવું કરે છે. આ કાયદો જૂઠ બોલીને લગ્ન કરનારાઓને રોકશે."તેમણે કહ્યું કે, "અમે અમારા મેનિફેસ્ટોમાં આનો વાયદો કર્યો હતો." તેમણે કહ્યું કે, પહેલા અમે ગૌરક્ષા કાયદો લાવીશું. ત્યારબાદ ૨ બાળકોનો કાયદો લાગુ કરીશું, પછી અમે આ કાયદો લાવીશું." લગ્નના સંબંધમાં કાયદો લાવવાની સાથે સાથે સરકાર સ્વદેશી આસ્થા અને સંસ્કૃતિ વિભાગ પણ બનાવશે. આનું ફોકસ એ વિસ્તારોમાં હશે જ્યાં મુસ્લિમ અપ્રવાસીઓની વસ્તી ઝડપથી વધી રહી છે. હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે, આ વિભાગ દ્વારા તમામ આસ્થાઓને માનનારાને ફાયદો થશે.

તેમણે કહ્યું કે, અમારી આદિવાસી જનતાની પોતાની ભાષા અને માન્યતાઓ છે, પરંતુ અત્યાર સુધીની સરકારોએ તેમની સંસ્કૃતિ બચાવવા માટે ફાઈનાન્શિયલ મદદ નથી કરી. અમે તેમની સંસ્કૃતિ બચાવવા માટે તેમને સપોર્ટ કરવાનો નિર્ણય લીધો છે. સરકારે આ અંતર્ગત બોડો, ટી ટ્રાઈબ, મોરન, મોટોક, રાભા અને મિશિન સમુદાયોની ઓળખ કરી છે. ઉલ્લેખનીય છે કે દેશમાં ૧૦ રાજ્યોમાં બળજબરીપૂર્વક ધર્મપરિવર્તન રોકવા માટેનો કાયદો છે. અત્યારે ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, ઝારખંડ, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને છત્તીસગઢમાં આ માટે કાયદો છે.

# 'ગાયનું માંસ ખાનારાનું DNA અલગ': સાધ્વી પ્રાચી




જયપુર,તા.૧૧

વિશ્વ હિન્દુ પરિષદનાં આક્રમક મિજાજવાળાં નેતા સાધ્વી પ્રાચીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતના એ વિધાનને કડક રીતે પ્રતિસાદ આપ્યો છે. ભાગવતે એમ કહ્યું હતું કે, 'બધાં ભારતીયોનું ડીએનએ સમાન છે, પછી એ કોઈ પણ ધર્મના હોય.' પરંતુ સાધ્વી પ્રાચીએ કહ્યું છે કે 'ગાયનું માંસ ખાનારાઓને બાદ કરતાં બાકી બધાયનું ડીએનએ સમાન છે.'

રાજસ્થાનના દૌસામાં આયોજિત એક સમારંભમાં સાધ્વી પ્રાચીએ કેન્દ્ર સરકારને વિનંતી પણ કરી હતી કે દેશમાં વધતી જતી વસ્તીને નિયંત્રણમાં રાખવા માટે તે કડક કાયદાઓ ઘડે. ટાઈમ્સ નાઉ વેબસાઈટે તેના અહેવાલમાં સાધ્વી પ્રાચીને એમ કહેતાં ટાંક્યા છે કે, 'વસ્તી નિયંત્રણ વિશે સંસદમાં એક કાયદો પાસ કરવો જોઈએ અને જે દંપતીને બે કરતાં વધારે સંતાન હોય એમને સરકારી સુવિધાઓ આપવાનું બંધ કરવું જોઈએ. એમનો મતાધિકાર પણ રદ કરવો જોઈએ. તમને પત્નીઓ ભલે ગમે તેટલી હોય, પણ સંતાન માત્ર બે જ હોવા જોઈએ.

# પદ્મ એવોર્ડ માટે જમીન પર કામ કરનારાઓના નામ મોકલો: મોદી



ન્યુ દિલ્હી,તા.૧૧

પીએમ મોદીએ પદ્મ એવોર્ડ માટે ભારતના લોકોને અપીલ કરી છે. પીએમ મોદીએ કહ્યુ છે કે, એવા લોકોને પદ્મ એવોર્ડ માટે નોમિનેટ કરો જે ખરેખર અસાધારણ કામ કરી રહ્યા હોય.આ માટે પીએમ મોદીએ એક ટ્વિટ કર્યુ હતુ કે, ભારતમાં ગ્રાઉન્ડ લેવલે બહુ સારુ કામ કરનારા લોકો છે પણ તેમના માટે બહુ ઓછા લોકોને ખબર છે.પીએમ મોદીએ સાથે સાથે પદ્મ એવોર્ડ માટેની વેબસાઈટની લિંક પણ શેર કરતા કહ્યુ હતુ કે, આવા લોકો અંગે આપણને વધારે જાણવા મળતુ નથી પણ તમે જો આવા લોકોને અને તેમના સમાજ માટેના કામને જાણતા હોય તો તમે તેમને પદ્મ પુરસ્કાર માટે નોમિનેટ કરી શકો છે.આ માટે ૧૫ સપ્ટેમ્બર સુધીનો સમય રાખવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, પદ્મ પુરસ્કારના ભાગરુપે પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી પુરસ્કાર આપવામાં આવે છે.જે દેશનુ સર્વોચ્ચ નાગરિક સન્માન છે. મોદી સરકાર સત્તા પર આવી તે પછી સમાજમાં સારુ કામ કરતા પણ ગૂમનામ રહેતા લોકોને આ પુરસ્કાર મળે તે માટે લોકો પાસેથી નોમિનેશન મેળવવાનુ શરુ કરાયુ છે.જેના આધારે જ આ એવોર્ડ મેળવનારાઓના નામની જાહેરાત કરવામાં આવે છે.

# કંદહારમાંથી ભારતના ૫૦ ડિપ્લોમેટ્સ અને સુરક્ષા કર્મીઓને ભારત પાછા બોલાવી લેવાયા

ન્યુ દિલ્હી,તા.૧૧

તાલિબાન લડાકુઓ દ્વારા અફઘાનિસ્તાનના દક્ષિણી શહેરની આસપાસના મુખ્ય વિસ્તારો કબજે કર્યા હોવાનો દાવો કર્યા બાદ ભારતે કંધારમાંથી લગભગ ૫૦ ડિપ્લોમેટ અને સુરક્ષાકર્મીઓને ભારતીય વાયુસેનાના પ્લેનથી પરત બોલાવી દીધા છે. વિદેશ મંત્રાલયના સૂત્રોએ આ જાણકારી આપી છે.

સૂત્રોએ જણાવ્યું કે, કંધાર સ્થિત વાણિજ્ય દૂતાવાસથી ભારતીય ડિપ્લોમેટ અને સુરક્ષાકર્મીઓને પરત લાવવા માટે વિશેષ વિમાનનો ઉપયોગ કરાયો. ગઈકાલે રાત્રે જ તમામ ભારતીયોને સ્વદેશ પરત લાવવામાં આવ્યા છે. સૂત્રો અનુસાર, આ ઉડાન માટે વિશેષ મંજૂરી લેવામાં આવી હતી.

એક નિવેદન દ્વારા વિદેશ મંત્રાલયે આ સમાચારની પુષ્ટિ કરી છે અને કહ્યું છે કે, ભારત એક મિત્ર દેશ હોવાને લીધે અફઘાનિસ્તાનમાં શાંતિ, સુમેળ અને સાર્વભૌમત્વની પુનસ્થાપના માટે પ્રયત્નશીલ રહેશે. નિવેદનમાં કહેવામાં આવ્યું કે, ભારત અફઘાનિસ્તાનની સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

શનિવારે દૂતાવાસ એવા સમયે ખાલી કરાવવામાં આવ્યો છે, જ્યારે ભારતે ચાર દિવસ પહેલાં કહ્યું હતું કે, કાબુલમાં મિશન કેન્દ્ર અને કંધાર અને મજાર-એ-શરીફ શહેરોમાં વાણિજ્ય દૂતાવાસોને બંધ કરવાની યોજના નથી. જો કે, અધિકારીઓએ કહ્યું હતું કે, ભારત અફઘાનિસ્તાનમાં બગડતી સુરક્ષા સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને સુનિશ્ચિત કરવા માટે તમામ પગલાં ભરવામાં આવશે કે ભારતીય અધિકારીઓ અને નાગરિકોને નુકસાન ન પહોંચે.

# આર્જેન્ટિનાએ બ્રાઝીલને ૧-૦થી હરાવી કોપા અમેરિકા ૨૦૨૧નું ટાઇટલ જીત્યું



રિયો ડી જિનેરિયો,તા.૧૧

કોપા અમેરિકા ૨૦૨૧ની ફાઇનલમાં આર્જેન્ટિનાએ બ્રાઝીલને ૧-૦થી હરાવી દીધું. બ્રાઝીલના શહેર રિયો ડી જિનેરિયોના શાનદાર મારકાના સ્ટેડિયમમાં રમાયેલી ફાઇનલ મેચમાં એન્જેલ ડિ મારિયાએ મેચનો એક માત્ર ગોલ કર્યો. આર્જેન્ટિનાએ ૨૮ વર્ષ બાદ આ ટ્રોફી જીતી છે. ટીમે આ પહેલા વર્ષ ૧૯૯૩માં આ ટાઇટલ જીત્યું હતું. સ્ટાર સ્ટ્રાઇકર લિયોનલ મેસીની કેપ્ટન્સીમાં આર્જેન્ટિનાની ટીમ ૨૦૧૫ અને ૨૦૧૬માં બે વાર ફાઇનલમાં પહોંચી હતી, પરંતુ જીતી નહોતી શકી. આ વખતે એન્જેલ ડિ મારિયાએ મેસીનું સપનું પૂરું કરી દીધું. મેસીએ પોતાનું મેજર ટૂર્નામેન્ટ (વર્લ્ડ કપ/કોપા અમેરિકા) જીતી છે.મેસીની કેપ્ટન્સીમાં આર્જેન્ટિનાની ટીમ ફીફા વર્લ્ડ કપ ૨૦૧૪ની ફાઇનલમાં પહોંચી હતી પરંતુ તેને જર્મનીએ હરાવી દીધુ હતું. ત્યારબાદ કોપા અમેરિકામાં સતત બે ફાઇનલ હાર્યા બાદ મેસીએ વર્ષ ૨૦૧૬માં આંતરરાષ્ટ્રીય ફુટબોલથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી. તે સમયે માત્ર ૨૯ વર્ષના મેસીને નેશનલ ગેમમાં વાપસી કરવા માટે રાષ્ટ્રપતિએ મનાવ્યા હતા. આ વર્ષે કોપા અમેરિકામાં મેસી પોતાના જૂના રંગમાં જોવા મળ્યો. મેસીએ ચાર ગોલ કરવા ઉપરાંત ટીમના ખેલાડીઓને પાંચ ગોલ કરવામાં મદદ કરી.

ફાઇનલ મેચમાં બ્રાઝીલ અને આર્જેન્ટિનાની વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી. મેચની ૨૨મી મિનિટમાં ડિ મારિયાએ આર્જેન્ટિનાને સરસાઈ મેળવી લીધી હતી. ત્યારબાદ બ્રાઝીલે તાબડતોડ આક્રમણ કર્યા. મેચ દરમિયાન ૬૦ ટકા સમય બોલ બ્રાઝીલની પાસે રહ્યો અને તેના ખેલાડીઓએ ૧૩ શોટ પણ માર્યા પરંતુ ગોલ કરવામાં સફળ ન રહ્યા.બંને ટીમના ખેલાડીઓએ એક-બીજાથી આગળ જવાના પ્રયાસ સતત ચાલુ રાખ્યા અને તેમાં કોઈ કચાશ છોડી નહીં. મેચમાં ગોલ કરવાની ખેંચતાણનો અંદાજો એ વાતથી લાગી શકે છે કે આર્જેન્ટિનાના પાંચ અને બ્રાઝીલના ચાર ખેલાડીઓને યલો કાર્ડ દેખાડવામાં આવ્યું હતું.

# કોરોના વાયરસનું સૌથી મુખ્ય અને ખતરનાક વેરિયન્ટ ડેલ્ટા છે

*વોશિંગ્ટન,તા.૧૧*

અમેરિકાની સર્વોચ્ચ મેડિકલ સંસ્થા સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનએ કહ્યું છે કે, હવે કોરોના વાયરસનું સૌથી મુખ્ય અને ખતરનાક વેરિયન્ટ ડેલ્ટા છે. આ સતત અમેરિકા અને દુનિયાભરના દેશોને પ્રભાવિત કરી રહ્યો છે. છેલ્લા ૨ અઠવાડિયામાં અમેરિકામાં આવેલા કોરોના કેસોમાંથી અડધા ડેલ્ટા વેરિયન્ટના છે. અમેરિકાના કેટલાક વિસ્તારોમાં લોકો અત્યારે પણ વેક્સિન લગાવી શકી રહ્યા નથી, જેના કારણે અમેરિકન સરકાર ચિંતામાં છે. વેક્સિન ના લગાવનારાઓમાં બાળકો પણ સામેલ છે.CDCનું કહેવું છે કે, ડેલ્ટા વેરિયન્ટ ઘણી જ ઝડપથી અમેરિકામાં ફેલાયું. આ અત્યારે દેશ અને દુનિયાનું સૌથી મુખ્ય કોરોના વેરિયન્ટ છે. મેમાં આના કેસો ફક્ત ૧૦ હતા, જે ૬ જૂનથી ૧૯ જૂનની વચ્ચે ઝડપથી વધીને ૩૦ ટકા થઈ ગયા. CDCએ જણાવ્યું કે, આયોવા, કન્સાસ, મિસૌરીમાં ડેલ્ટા વેરિયન્ટ ૮૦.૭ ટકા ફેલાયું છે. તો નેબ્રાસ્કા, કોલોરાડો, મોંટાના, નોર્થ ઈકોટા, સાઉથ ઈકોટા, ઉટાહ, વ્યોમિંગમાં ૭૪.૩ ટકા સંક્રમણ ફેલાયું છે. અમેરિકા જ્યાં સૌથી વધારે વેક્સિનેશન કરવામાં આવ્યું છે ત્યાં ડેલ્ટા વેરિયન્ટે એ લોકોને પોતાનો શિકાર બનાવ્યા જેમણે વેક્સિન નહોતી લગાવી અથવા પછી તેઓ આનાથી ચૂકી ગયા.

ખાસ કરીને યુવા અને બાળકોને સંક્રમણ થયું. ઝહ્વઝએ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની ગાઈડલાઈને અત્યારે માનવાનો ઈનકાર કરી દીધો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે વેક્સિન લગાવી ચૂકેલા લોકોએ પણ માસ્ક પહેરવું પડશે. ઉલ્લેખનીય છે કે વેક્સિન ડેલ્ટા વેરિયન્ટની વિરુદ્ધ પણ પ્રભાવી છે. લોકોને ગંભીર રીતે બીમાર પડવાથી રોકી રહી છે. સાથે જ લોકોને હૉસ્પિટલ જવાથી પણ બચાવી રહી છે, પરંતુ અમેરિકાના ૫ રાજ્યો મિસિસિપ્પી, લુસિયાના, ઈડાહો, વ્યોમિંગ અને અલાબામામાં અત્યારે પણ ૪૦ ટકા લોકો એવા છે, જેમણે કોરોના વાયરસ વેક્સિનનો એક પણ ડોઝ નથી લગાવ્યો. આને જોતા પબ્લિક હેલ્થ એક્સપર્ટ ઘણા ચિંતિત છે.

ડેલ્ટા વેરિયન્ટ સૌથી પહેલા ગત વર્ષે ઑક્ટોબરમાં ભારતમાં મળ્યું હતું.

## અત્યાર સુધી આ મામલે પાંચ લોકોની ધરપકડ કરાઈ

# ટેરર ફંડિંગ-ISIS મોડ્યૂલ કેસ: NIAના JKમાં ૧૦ સ્થળોએ દરોડા

*શ્રીનગર,તા.૧૧*

જમ્મુ કાશ્મીરના અનંતનાગ સહિત અનેક જગ્યાએ હાલ રાષ્ટ્રીય તપાસ એજન્સીની રેડ ચાલી રહી છે. મળતી માહિતી મુજબ દરોડા આતંકીને થતા ફંડિંગના મામલાને લઈને થઈ રહી છે. તપાસ એજન્સીએ તે વાતની ભાળ મેળવવામાં લાગી ગઈ છે કે ક્યાંક વેલીમાંથી આતંકીઓને આઈએસઆઈએસમાંથી ફંડિંગ તો નથી કરવામાં આવી રહ્યું ને.

મળતી માહિતી મુજબ અનંતનાગના ૪ અને શ્રીનગરમાં એક જગ્યાએ એનઆઈએની રેડ ચાલી રહી છે. અત્યાર સુધીમાં આ મામલે ૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં એક ૩૬ વર્ષની મહિલા પણ સામેલ છે. એનઆઈએના દરોડામાં જમ્મુ કાશ્મીર પોલીસ અને સીઆરપીએફના સુરક્ષા કર્મચારીઓ સામેલ છે. આ દરોડમાં કેટલાંક લોકોની ધરપકડ પણ થઈ શકે છે.

જાણકારી મુજબ એનઆઈએના અનંતનાગ ઉપરાંત બારામુલા અને શ્રીનગરમાં પણ અનેક સ્થળોએ દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે. ૩૬ વર્ષની જે મહિલાની ધરપકડ કરવામાં આવી છે તેની પાસેથી ચાઈનીઝ ગ્રેનેડ અને ૪૮ હજાર રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવયા છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એનઆઈએએ રવિવારે સવાર દારુલ ઉલુમ, દલાલ મોહલ્લા, નવાબજારમાં પોલીસ, એસઓજી, એસડીપીઓના અનેક અધિકારીઓની સાથે રેડ મારી હતી. આ દરમિયાન કેટલાંક ઓફિસ રેકોર્ડ, એક લેપટોપ પણ જપ્ત કરાયા છે. સાથે જ અદનાન અહમદ નદવીની ધરપકડ કરાઈ છે જે હાકા બજારનો રહેવાસી છે.આ પહેલાં જમ્મુ કાશ્મીર પ્રશાસને શનિવારે આતંકવાદી સંગઠનોની મદદ કરવાના આરોપમાં હિઝબુલ મુજાહિદ્દીનના ચીફ સલાહુદ્દીનના બે દીકરા અને બે પોલીસ કર્મચારી સહિત ૧૧ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરવામાં આવેલા કર્મચારી શિક્ષણ, પોલીસ, કૃષિ, કૌશલ વિકાસ, વીજળી, સ્વાસ્થ્ય વિભાગ તથા સ્કિમ્સ (શેર-એ-કાશ્મીર ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ)માં કાર્યરત હતા.હિઝબુલના આતંકીના પુત્ર સૈયદ અહમદ શકીલ અને શાહિદ યુસુફને પણ ટેરર ફંડિંગમાં કથિત રીતે સામેલ હોવાને લઈને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એનઆઈએ મુજબ બંને ભાઈઓ સિક્યોરિટી ફોર્સની અવરજવરને લઈને આતંકી જૂથો માહિતી આપતા હતા અને આતંકીઓને ગુપ્ત રીતે પ્રવૃતિઓમાં મદદ કરતા હતા.

અનંતનાગ જિલ્લામાં સુરક્ષાદળોએ શનિવારે એક્રાઉન્ટમાં ત્રણ આતંકીને ઠાર માર્યાબીજી તરફ શનિવારે જ અનંતનાગ જિલ્લામાં સુરક્ષાદળોએ એક્રાઉન્ટરમાં ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા. આ મામલે એક પોલીસ અધિકારીએ કહ્યુ કે સુરક્ષાદળોએ રાનીપોર વિસ્તારમાં ક્કારીગામમાં આતંકવાદીઓની હાજરીની સૂચના મળ્યા બાદ ઘેરાબંધી કરી તપાસ અભિયાન શરૂ કર્યુ હતું. જ્યારે સુરક્ષાદળ વિસ્તારમાં તપાસ કરી રહ્યા હતા તો આતંકવાદીઓએ તેમની પર ગોળી વરસાવી હતી.

# વૈજ્ઞાનિકો પણ સ્તબ્ધ, એક જ વ્યક્તિના શરીરમાં જોવા મળ્યા કોરોનાના ૨-૨ ખતરનાક વેરિયન્ટ્સ

*ન્યુ દિલ્હી,તા.૧૧*

કોવિડ-૧૯ના ડબલ ઈન્ફેક્શનને લઈને નવા પ્રશ્નો ઊઠી રહ્યા છે. બેલ્જિયમથી સામે આવેલા એક કેસે ચિંતા વધારી દીધી છે. ત્યાં એક ૯૦ વર્ષની મહિલાને કોવિડ-૧૯ના ૨ અલગ-અલગ વેરિયન્ટે ઈન્ફેક્ટ કરી અને તેમનું મોત થઈ ગયું. આ મહિલાને યુકેમાં મળેલા આલ્ફા અને સાઉથ આફ્રિકામાં મળેલા બીટા વેરિયન્ટે સંક્રમિત કરી હતી. ડૉક્ટર્સ પ્રમાણે આ પ્રકારનો આ પહેલો કેસ છે. વૈજ્ઞાનિકો પ્રમાણે મહિલાને કદાચ ૨ અલગ-અલગ લોકોથી સંક્રમણ થયું હશે.

આ કેસ બાદ પ્રશ્નો ઊઠી રહ્યા છે કે કોવિડના અલગ-અલગ વેરિયન્ટ્સથી સંક્રમિત વ્યક્તિ પર વેક્સિન કેટલી અસરકારક રહેશે. આ રિસર્ચ પેપર યુરોપિયન કૉંગ્રેસ ઑફ ક્લિનિકલ માઈક્રોબાયોલોજી એન્ડ ઈન્ફેશિયસ ડિસીઝીસમાં આ અઠવાડિયે છાપ્યો છે. કેસ સામે આવ્યા બાદ ડબલ ઈન્ફેક્શનને લઈને નવા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

સાથે જ વેક્સિનની આ અસરને લઈને પણ. એક વ્યક્તિને વાયરસના બે અલગ-અલગ રૂપોનું સંક્રમણ થવું 'કો-ઈન્ફેક્શન' કહેવાય છે.

આ મહિલાનું મોત માર્ચમાં થયું હતું. તેમને વેક્સિન નહોતી લાગી અને ઘર પર જ સારસંભાળ ચાલી રહી હતી. બ્લૂમર્ગના રિપોર્ટ પ્રમાણે જ્યારે તેમને હૉસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યા તો ઑક્સિજન લેવલ્સ ઠીક હતું, પરંતુ ૫ જ દિવસમાં તેમનું મોત થઈ ગયું. મહિલાના શ્વસનતંત્રની સ્થિતિ ખરાબથી અતિખરાબ થતી ગઈ. ટેસ્ટ્સમાં જાણવા મળ્યું કે તેમને ૨ કોવિડ સ્ટ્રેન્સે સંક્રમિત કર્યા હતા. રીસર્ચને લીડ કરી રહેલી મૉલિક્યુલર બાયોલોજિસ્ટ એન્નેએ કહ્યું કે, "તે સમયે બેલ્જિયમમાં આ બંને વેરિયન્ટ્સ (આલ્ફા અને બીટા) સર્ક્યુલેટ થઈ રહ્યા હતા. શક્ય છે કે મહિલાને બે અલગ-અલગ લોકોથી અલગ-અલગ વેરિયન્ટનું સંક્રમણ થયું હોય."

એન્નેએ કહ્યું કે, "દુનિયાભરમાં ડબલ ઈન્ફેક્શનને

# અમેરિકાના અલાસ્કામાં ૫.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા

અલાસ્કા,તા.૧૧

રવિવારે અમેરિકાના અલાસ્કામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૧ માપવામાં આવી હતી.અલાસ્કામાં એટુ સ્ટેશનની પશ્ચિમમાં ૨૮૫ કિલોમીટર પશ્ચિમમાં ભૂકંપ આવ્યો હોવાની યુએસ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેએ આ માહિતી આપી છે. ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિમી નીચે જણાવાયું છે. જોકે, હજી સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.જણાવી દઈએ કે, થોડા દિવસ પહેલા પણ આ વિસ્તારમાં ભૂકંપ આવ્યો હતો. અલાસ્કા ધરતીકંપ કેન્દ્ર મુજબ ગુરુવારે ક્લુકવાન અને હેઈન્સના ભાગોમાં આંચકા અનુભવાયા હતા. ભૂકંપ, જેની તીવ્રતા ૪.૪ હતું, ક્લુકવાનથી લગભગ ૨૦ માઈલ દક્ષિણમાં, હેઈન્સથી ૨૯ માઈલ પશ્ચિમમાં અને જુનોથી ૮૯ માઈલ પશ્ચિમ દિશામાં હતું.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે મનગમતા વિષય ઉપર પાંચ સર્જકો ની પદ્ય રચનાઓ......પાંચેય ભૂલ વિનાની રચનાઓ ને ગુલાબ સન્માન .......

NOG . SS .NO .0095
વિષય :-- કવિતા
પ્રકાર :-- પદ્ય
શીર્ષક :-- " વાત કરી " અછાંદસ

આજે તો આયના સાથે વાત કરી
ખૂદને ખૂદ વિષે જ ફરિયાદ કરી
વાત જો તારા દુખની જ હતી
તો બીજાને તારી વાત કેમ કરી
કોઈને તો જોઈએ વિષય તાળી મારવા
ને તેં સામેથી મોજની જામગરી કરી
તું કરે દિલથી લાખ કોઈની ગણના
તું જ કહે કોણે તારી ગણના કરી
ન ક્યારેય કોઈ આશા કે ના ઇચ્છા કરી
તોય કેમ સતત લાગણી પટકાયા કરી
□દય છે તારૂં, નહીં કે રમતનું મેદાન કે
તારી લાગણીઓને સૌએ રમાડયા કરી
બસ આ જ વિચારે મે આયનામાં
ખૂદ સાથે હૃદયથી હૃદયની વાત કરી

દીપિકા ચાવડા "તાપસી"

---

NOG SS No : 0077
વિભાગ:પદ્ય મૌલિક
વિષય :આપેલ ટાસ્ક ,પદ્ય લેખન
શીર્ષક:જંજીર

જીવનની જંજાળમાં એવી તો અટવાઈ, લાગણીનાં આવેશમાં હાથે કરી ખોટકાઈ..!
કામ કરાવી ઘણાંએ બતાવ્યો હથેળીમાં સૂરજ,
મૂરખ મન કરતું રહ્યું હતો ત્યાં બુરજ..!
થાકીને લોથપોથ થયાં મારા જ્યાં કદમ,
ભીની લાગણીઓનાં કકડભૂસ થયાં ત્યાં ભરમ..!
શીદને બનું હું સંબંધોની એકતરફી જોડતી કડી,
કટાતી સંબંધોની જંજીરને મેં એક ઝાટકે તોડી..!
નથી જોઈતી ઢસડાતાં સંબંધોની જંજીર પરાણે,
જેને કારણે મેં મારી આખી જાત મૂકી હતી કોરાણે..!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---

NOG SS NO - 0037
વિભાગ - પદ્ય.
શીર્ષક - કલમની કમાલ.

નામ છે મારું કલમ,કામ છે મારું કમાલ..!
નાનાં મોટાં સૌને મારી જરૂરિયાત....!
સદા રહું તત્પર, કંઇક કરવા કાજ...!
જેના હાથમાં રહું, તેનો સદા આપુ સાથ....!
સારા - નરસા દરેક કામમાં મારું યોગદાન..!
તલવારથી પણ ધારદાર મારું કામ....!
કંઇક ને હસાવું, કંઇક ને રડાવું...!
કંઇક ને રંક માંથી રાજા બનાવું...!
કોઈના □દયની ઊર્મીઓને...!
શબ્દોની પાંખો આપુંપ.!
યુવાનોની ઊર્જા, વૃદ્ધોનો અનુભવ..!
મારા જાદુનાં સૌ કોઈ દિવાના....!
સંત,કવિ,શૂરા, ફકિર....!
કહો...! કેવી મારી કમાલ.....!
હું, કલમ નામે માલામાલ....!
સમજીને કરજો મારો સૌ ઉપયોગ...!
જ્ઞાનીઓના જ્ઞાનનો, હું છું પ્રકાશ....!
હું, જ સર્જક, હું જ શસ્ત્ર, હું જ ગીતાને કુરાન...! જુઓ મારો કેવો કમાલ.....!

હેમલતા દિવેચા.જૂનાગઢ.

---

NOG SS No :- 0038
વિષય :- પદ્ય લેખન ( આપેલ ટાસ્ક )
શીર્ષક :- સંઘર્ષ

જીવન સંઘર્ષ વિના નહીં જાશે તારું
સ્વીકારીને આગળ વધે જા...!
પળપળ વહેશે સુખદુ:ખની નદી
સંસાર સાગરમાં ભળી વહી જા...!
આંખમાં ઘેરાશે વાદળ દુ:ખનાં
હરખના આંસુથી વહાવે જા...!
રાહમાં આવશે ખાડા ટેકરા
હૈયામાં ભરી હામ પાર ઉતરી જા...!
મળે કોઈનો સાથ તો પકડીલે હાથ
સહિયારો સાથ નિભાવી જા...!
થશે દર્દ દિલમાં હરકદમ પર,
મનથી મહેકી સુવાસ ફેલાવે જા...!
ચાલ્યા કરે સમય ભલે સંઘર્ષનો
" આકાંક્ષા " કહે ખુશીથી એને જીવી જા...!

શીલાપટેલ " આકાંક્ષા "

---

NOG. SS NO:004
પ્રકાર: કવિતા
શીર્ષક:હોલો ને હોલી

હોલો ને હોલી
પ્રેમ કરે હોલો હોલી
જગની અગન પિપાસાંમાં ,
શી લેતી દેતી !
પ્રેમ કરે હોલો હોલી....!
ચાંચમાં ચાંચ ભરાવી આંનદે,
મગ્ન થઈ નાંચે,
આંખોમાં છે પ્રીતી ને સંગાથે,
મગ્ન થઈ વાંચે,
એમને ન છે પરવા અન્યની,
તે તો સંતન ભાસે!
પ્રેમ કરે હોલો હોલી....!
રુસતા ને રૂઝતા સુખની,
પળે પળ તે માંણે,
શિરે શ્વેત ટીળક શોભે,
અમી ટપકે સૂર તણે,
વહાલાના વહાલ વર્ષે,
ડોલે બેઉ વૃક્ષ તણી ડાળે.
પ્રેમ કરે હોલો હોલી...!

જયશ્રી પટેલ

## ગુરુ વ્યક્તિ કે વ્યક્તિત્વ નહી,અસ્તિત્વ છે
# આ કારણોથી દાદાએ મને શાસ્ત્રો કંઠસ્થ કરવાની ના કહેલી:મોરારિબાપુ

દરેક શ્રોતા શિષ્ય નથી,દરેક શિષ્ય દરેકનો શ્રોતા નથી હોતો.

પોતાના ગુરુની આજ્ઞા નિભાવવી જ સિધ્ધિ છે.

સવારથી મનમાં ગુંજતાએક શ્લોકથી બીજા દિવસની કથાનો આરંભ કરતાં બાપુએ જણાવ્યું કે: ગુરુના ચરણની રેણુને જે શરીર પર ધારણ કરે છે એ સમસ્ત વૈભવને મેળવે છે.અહીં વિભવ-વૈભવનો અર્થ ષડ્ ઐશ્વર્ય છે.કળિયુગમાં આ પ્રશ્ન થઈ શકે કેવી રીતે ગુરુ ચરણ રજ આપણા શરીર પર ધારણ કરવી?અને કોણ એવા ગુરુ છે? કુલગુરુ,ધર્મગુરુ, જગતગુરુ,સદગુરુ વગેરે ગુરુઓની ચર્ચા માનસમાં છે.આપ બીટવીન ધ લાઈન્સ જો જુઓ તો એક સાધુનું માનવું છે કે ભરત,લક્ષ્મણ,શત્રુઘ્ન,રામ આ બધાના ગુરુ વસિષ્ઠ છે.પણ ભરતના સદગુરુ કોણ? લક્ષ્મણ,શત્રુઘ્નનાં સદગુરુ કોણ?આ પ્રશ્ન અવતારી લોકોને આપણે પૂછીએ તો ગુરુ તો વશિષ્ઠ છે જ, અલ્પકાળમાં સમગ્ર શાસ્ત્ર દેનાર વિદ્યાગુરુ-શિક્ષાગુરુ છે.પણ ભરતના અંતરંગને પુછાય તો રામ એના ગુરુ છે.રામ અયોધ્યાના ગુપ્તારઘાટમાં અદ્રશ્ય થયા,પરમાત્માનો વિગ્રહ અદ્રશ્ય થઈ જાય પછી વ્યક્ત રૂપે જે હોય છે એ રામ જ છે,અને આપણે એને ગુરુ કહીએ છીએ. રામમાં ગુરુનું દર્શન કરો કે ગુરુમાં રામનું દર્શન કરો, જેવી આપની રુચી.શુદ્ધ અધ્યાત્મ કોઈની રુચિ પર હુમલો કરતું નથી,પણ હુમલાઓ આપણી તથાકથિત ધારાઓ જ કરતી હોય છે.શ્રોતા અને શિષ્યમાં શું ફર્ક?ઘણો જ ફરક છે.દરેક શ્રોતા શિષ્ય નથી અને દરેક શિષ્ય દરેકનો શ્રોતા નથી.આપણી ઈચ્છાનું અનુગમન ફળ કરે પણ ગુરુને સેવવાથી અભિલાષાની પહેલા જ ફળ પ્રાપ્ત થઈ જાય છે આ ક્રાંતિ છે.એક વ્યક્તિમાં ગુરુ ભાવ ન જાગે તો ઉતાવળ ન કરવી.દરેકમાં કમજોરી હોય જ છે,અને ન હોય તો પણ રામમાં પણ કમજોરી શોધનાર હતાં જ!શંકરાચાર્યની અંદર પણ કમજોરી શોધનાર આજે પણ છે.વર્તમાન ગુરુ કયા ફોર્મમાં છે તેની ચેષ્ટાઓ સમજમાં ન આવે.કૃષ્ણને પાંચ હજાર વરસ થયા આજે પણ સમજમાં નથી આવતો.વર્તમાન બુધ્ધપુરુષને સમજવો આપણા માટે ખુબ જ મુશ્કેલ છે.બાપુએ જણાવ્યું કે એકવાર દાદાને પૂછ્યું,ત્યારે મારી સ્મૃતિ ગજબ હતી.મેટ્રિકમાં ત્રણ વખત નાપાસ થયો એ મોરારીબાપુ રચિત એક પ્રપંચ હતો અને હું એને ખોલવા નથી માગતો.દાદાજીને પૂછ્યું કે હું માનસ કંઠસ્થ કરી લઉ? વિનય પત્રિકા અને અન્ય ગ્રંથો કંઠસ્થ કરું?આપને આશ્ચર્ય થશે દાદાએ મને મનાઇ કરી! ત્યારે કઠોર લાગેલું,તમારા બાપુએ ગુરુની આજ્ઞાને ક્યારેય તોડી નથી.આ સિદ્ધિ છે, હાથમાંથી મૂર્તિ કાઢવી એ સિદ્ધિ નથી.પણ પોતાના ગુરૂની આજ્ઞા નિભાવવી એ સિદ્ધિ છે.બાળ મનમાં કઠિન લાગેલી કેમ કંઠસ્થ કરવાની ના કહેતા હશે? અને માનસ,વેદ બધાજ ગ્રંથો કંઠસ્થ કરવામાં શું ખોટું છે?કેટલાય મહાપુરુષોને વેદ,સ્મૃતિઓ,ભાગવત, માનસ,ગીતાજી બધું જ કંઠસ્થ છે અને મને એમનું ગૌરવ પણ છે.દાદાજીએ એક જ ઝાટકે ના કહી દીધી.આ ખટકતું રહ્યું કારણ કે બાળપણ હતું! પણ એ પછી ચર્ચાઓ થઈ ત્યારે કારણો દાદાજીએ કહેલા.ચાર કારણો બતાવેલા.એક-તને કંઠસ્થ થઈ જશે પછી કોઈ અભણ માણસ ચોપાઈનું ખોટું ગાન કરશે તો મનમાં મજાક કરીશ,આશ્રિતની ભૂલ કાઢવી એ સાધકની કમી છે,અને આ બહુ જ ઊંચી આધ્યાત્મિક યાત્રા માટે આવશ્યક છે.બીજું-તને બધું જ કંઠસ્થ થઈ જશે તો તને યાદ છે એ બતાવવા માટે આગળ આગળ બોલીશ,તારે તો અનુગમન કરવાનું છે!ત્રણ- મનોરથ કરતા પહેલા જ ફળ આગળ આવી જાય તો અહંકાર આવી જશે અને ચોથું-બધું જ યાદ આવશે તો તું રામ નામ ભૂલી જઈશ.એ પછી મેં કંઠસ્થ કરવાની કોશિશ નથી કરી.ગુરુ સદૈવ વર્તમાન હોય છે.જેની ચરણરજના સેવનથી વૈભવ,બહિર વૈભવ નહીં,માન-પ્રતિષ્ઠા,દોલત જ નહીં પણ સકલ વૈભવ એટલે ભીતરી-આંતરિક વૈભવ.તેનો મતલબ છે નિર્ભયતા સત્વશુધ્ધિ,સ્વાર્થથી મુક્તિ,સ્વાર્થનું સપનું પણ ના આવે,નિરંતર હરિસ્મરણ,ગુરુને નિરંતર વર્તમાનમાં મહેસૂસ કરવા વગેરે.તો આવા ગુરુ કોણ આવા ગુરુના લક્ષણોનું સ્મરણ કરીએ,કારણ કે ગુરુ પૂર્ણિમા આવી રહી છે.

બ્રહ્માનંદમ પરમ સુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્ દ્વંદાતિતમ ગગનસદ્યશં તત્વમસ્યાદિલક્ષ્યં એકં નિત્યં વિમલમચલં સર્વધિસાક્ષીભૂતં ભાવાતિતં ત્રિગુણરહિતં સદગુરું તં નમામિ.

આ ગુરુના લક્ષણ છે ભગવાન રામના પણ આ લક્ષણ છે.૧-બ્રહ્માનંદ:નામ ભલે બ્રહ્માનંદ ન હોય, ભલે બ્રહ્માનંદની વ્યાખ્યા પણ ન કરી હોય કે બ્રહ્માનંદ પ્રાપ્ત થયો છે એવો દાવો પણ ન કરતો હોય પણ જોતા જ લાગે કે વિષયાનંદી નથી,જેની સ્મૃતિ આપણને બ્રહ્માનંદની અનુભૂતિ કરાવે.જેમકે રામકૃષ્ણ,રમણ,તુકારામ,તુલસી,રામાનંદ,રામાનુજ વગેરે.૨-પરમસુખ દેનાર:ગુરુ સામાન્ય સુખ નથી આપતા.સાંસારિક વસ્તુનું સુખ તો પુરુષાર્થ અને પ્રારબ્ધથી મળે જ છે.સમસ્ત કર્મોનું ફળ જીવ જ્યાં સુધી છોડશે નહીં ત્યાં સુધી કર્મ પીછો નહીં છોડે,કોઈ પણ કર્મ મૃત્યુ પછી પણ પાછળ આવતું હોય છે. ચહેરા પર હાસ્ય આવવું એ સુખ છે,પરંતુ આપણા બુધ્ધપુરુષની સ્મૃતિમાં આંસુ આવે એ પરમ સુખ છે. ૩-કેવલં જ્ઞાનમૂર્તિ:સાક્ષાત કેવળ જ્ઞાનની મૂર્તિ.આ જૈન પરંપરાનો શબ્દ છે પણ મારા પોતાના માટે કહું તો કેવલમ પ્રેમમૂર્તિ કહી શકું.૪-દ્વંદાતિતં:સમસ્ત દ્વંદોથી અતીત થઇ જનાર.૫-ગગનસદ્યશં:ગગનની જેમ કોઈથી પણ લિપ્ત ન હોય.

૬- તત્વમસ્યાદિલક્ષ્યં:એની દ્રષ્ટિમાં જ્ઞાની અને મૂઢ કોઈ દેખાય નહીં,તત્વત: તું અને હું એક જ છીએ,તું એક જ છે એવું સમજનાર અને સમજાવનાર.૭-એકં નિત્યં:અનિત્ય નથી શાશ્વત છે એ.૮-વિમલમચલં: કહી શકે કે પોતે નિર્મલ છે.૯-સર્વધિસાક્ષીભૂતં:જેની બુદ્ધિ પ્રજ્ઞા આપણા બધાની સાક્ષી છે.૧૦-ભાવાતિતં:કેટલાય પ્રકારના ભાવ હોય છે: દુનિયાદારીનો અને ભક્તિમાર્ગનો,આ બધા જ ભાવોથી પર હોય એ.જેમ ભગવતગીતામાં સ્થિતપ્રજ્ઞના લક્ષણો કહેતાં ત્રિગુણાતીતં-ત્રણે ગુણોથી પર કહ્યું છે એવું.આવા સદગુરુ તમને અમારા નમન છે.

એ પછી કથા પ્રવાહમાં ગુરુવંદના અને રામનામ વંદના પ્રકરણનું વિસ્તારથી ગાયન કરી અને કથાને વિરામ અપાયો.

# લાંબો વરસાદ ખેંચાયા બાદ નર્મદામા વરસાદની ધમાકેદાર એન્ટ્રી



રાજપીપલા, તા.૧૧

નર્મદામા લાંબો વરસાદ ખેંચાયા બાદ નર્મદામા વરસાદની ધમાકેદાર એન્ટ્રીથઈ છે. જેમાં રાજપીપલા સહીત નાંદોદ તાલુકામા ત્રણ ઈંચ વરસાદનોંધાયો છે.

રાજપીપલા મા ધોધમાર વરસાદની હેલીથી રાજપીપલામા ૩ઈંચ વરસાદ થતાં રાજપીપલા જલબંબાકાર ની સ્થિતિ સર્જાઈ હતી.

જયારે તિલકવાડા મા બે ઈંચ અને ગરુડેશ્વર, સાગબારા મા એક એક ઈંચ વરસાદથયો છે

નર્મદા ખેતી લાયક સારા વરસાદથી ખેતીના પાકને જીવતદાનમળી જતા ધરતીપુત્રો ખુશખુશાલ બની ગયા હતા


મામલતદાર ડિઝાસ્ટર કચેરીના વરસાદ આંકડા મુજબ સૌથી વધુ વરસાદ નાંદોદ તાલુકામાં

નાંદોદ તાલુકામા ૭૦ મિલી. વરસાદનોંધાયો છે.જયારે તિલકવાડા તાલુકામાં ૪૭મિલી, તથા ગરુડેશ્વર તાલુકામાં ૨૪મિલી,સાગબારા તાલુકામાં ૨૯મિલી વરસાદ નોંધાયો છે.આજે ૨૪કલાકમાં જિલ્લામાં કૂલ ૧૮૧મિલી તથા સરેરાશ ૩૬મિલી વરસાદ નોંધાયો છે અત્યાર સુધીમાં નર્મદામા કૂલ વરસાદના આંકડા જોતા નાંદોદ તાલુકામાં નાંદોદ તાલુકામા ૨૧૪મિલી. વરસાદનોંધાયો છે.જયારે તિલકવાડા તાલુકામાં ૨૭૩મિલી, તથા ગરુડેશ્વર તાલુકામાં ૧૨૩મિલી,સાગબારા તાલુકામાં ૯૮મિલી વરસાદ નોંધાયો છે

છે જિલ્લામાં અત્યાર સુધીમાં કૂલ વરસાદ ૯૮૧મિલી તથા સરેરાશ૧૯૬ મિલી વરસાદ નોંધાયો છે

સારા વરસાદને કારણે નર્મદા ના ડેમોની સપાટીમાં પણ વધારો થયો છે.જેમાં નર્મદાડેમની સપાટી ૧૧૩.૫૦મીટર, કરજણ ડેમ ૧૦૨.૦૯મીટર,નાના કાકડી આંબા ડેમની સપાટી ૧૭૯.૩૫મીટર,ચોપડવાવ ડેમની સપાટી ૧૭૯.૫૦મીટર તથા ગરુડેશ્વર પાસે નર્મદા નદીનું ગેજ લેવલ ૧૩.૯૫મીટર નોંધાયું છે. સારા વરસાદથી અસહ્ય ગરમીમાં પણ રાહત થઈ છે.

તસવીર : જ્યોતિ જગતાપ, રાજપીપલા




શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ અમદાવાદ શહેર તથા વિભાગ ૧૨ ની માંગણી તથા લાગણી ને ધ્યાનમાં રાખીને વેજલપુર ખાતે નવનિર્મિત કોમ્યુનિટી હોલ નું નામ ×ચાણક્ય કોમ્યુનિટી હોલ× રાખવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા સ્થાનિક કોર્પોરેટર શ્રીઓ તથા ધારાસભ્ય શ્રી નો ખુબ ખુબ આભાર..

## ચાર યુનિટ પરમિશનની આડમાં વૈભવી કારમાં દારૂ ની હેરાફેરી કરતો હતો
# ગાંધીનગરના સેકટર-પમાં નિવૃત જવાનનાં ઘર-કારમાંથી મોંઘીદાટ વિદેશી દારૂની બોટલોનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર

ગાંધીનગરનાં સેકટર ૫/સી માંથી ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી વૈભવી ફોર્ડ ઈકો સ્પોર્ટ્સ કાર તેમજ ઘરમાંથી મોંઘાભાવે બજારમાં વેચાતા વિદેશી દારૂના જથ્થા સહિત રૂ. ૩.૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી નિવૃત ફોર્સ જવાની ધરપકડ કરી લેવામાં લેવામાં આવી છે. નિવૃત જવાન પાસે મહિને ચાર ચાર યુનિટની જ પરમીશન હોવા છતાં તેની આડમાં વૈભવી કારમાં વિદેશી દારૂની ડીલીવરી કરવામાં આવતી હોવાનું પણ ક્રાઈમ બ્રાંચની તપાસમાં ખુલવા પામ્યું છે.

ગાંધીનગર ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેકટર એચ.પી. ઝાલાએ ગાંધીનગર સેકટર-૭ પોલીસ મથકમાં ચાલતી ગેરકાયદેસર દારૂની પ્રવૃતિઓ પર અંકુશ મેળવવા સ્ટાફના માણસોને એક્ટિવ કરી પેટ્રોલીંગ વધારી દેવામાં આવ્યું હતું. જેનાં પગલે ક્રાઈમ બ્રાંચની ટીમ આ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી બાતમીદારો પાસેથી વિદેશી દારૂની માહિતી એકત્ર કરવામાં આવી રહી હતી.

જે અન્વયે ક્રાઈમ બ્રાંચને બાતમી મળી હતી કે, સેકટર ૫/ઝ પ્લોટ નંબર ૭૮૨/૧માં રહેતા નિવૃત ફોર્સ જવાન સુરેશકુમાર પૂરણસિંહ નૈન પોતાની ફોર્ડ ઈકો સ્પોર્ટ્સ કારમાં મોંઘા ભાવની વિદેશી દારૂની હેરાફેરી કરી વેચાણ કરે છે. આથી ક્રાઈમ બ્રાંચની ટીમ દ્વારા બાતમી મુજબ સેકટર-૫માં દરોડો પાડવામાં હતો. જયાં ઈકો સ્પોર્ટ્સ કારમાં એક ઈસમ શંકાસ્પદ રીતે કાંઈ કરતો જોવા મળ્યો હતો. બાદમાં પોલીસે કારને કોર્ડન કરી લઈ સુરેશકુમારને પકડી લઈ કારની તલાશી લેવામાં આવી હતી જેમાં ખાખી કલરના ખોખામાંથી દૃઢ્ઢં-૬૯, બ્લેક ડોગ, બેલેનટાઇન જેવી મોંઘા ભાવે વેચાતી વિસ્કીની બોટલો મળી આવી હતી. જેનાં પગલે ક્રાઈમ બ્રાંચે તેના ઘરની પણ તલાશી લેવામાં આવી હતી. જેનાં ઘરના સોફા સેટ પાસેના કબાટમાંથી ૧૦૦ પાઈપર, બકારડી રમ, સ્મિનોર્ફ, ટીચર્સ અને બ્લેક એન્ડ વ્હાઈટ જેવી મોંઘીદાટ વિદેશી દારૂની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. જેની કડકાઈથી પૂછપરછ કરતાં સુરેશકુમારને મહિને ચાર ચાર યુનિટ દારૂની હેલ્થ પરમિશન હોવા છતાં તેના કરતાં વધુ દારૂનો જથ્થો રાખી તે છૂટક વેચાણ કરતો હોવાની કબૂલાત કરી હતી. જે સંદર્ભે ક્રાઈમ બ્રાંચ દ્વારા સુરેશકુમારની ધરપકડ કરી વિદેશી દારૂની ૩૦ બોટલો તેમજ વૈભવી કાર મળી રૂ. ૩.૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# નર્મદામા મર્ડર કેસને અકસ્માતમોત ના કેસ મા ખપાવનારા મર્ડર કેસના ચાર આરોપીઓ ને ઝબ્બે કરતી નર્મદા LCB અને તિલકવાડા પોલીસનું ઑપરેશન



રાજપીપલા, તા ૧૧

પહાડ ગામના પુલ પાસે આરોપીઓએ સનાભાઈનને માથામાં તિક્ષ્ણ હથિયાર વડે મર્ડર કરી અકસ્માતમાં ખપાવી દેવાના ઈરાદે એકટીવા મોટરસાયકલ હાઈવે રોડ ઉપર નાખી દઈ મર્ડરકેસને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ પોલીસે હથિયાર, સોનાની ચેન અને મોબાઈલ ફોન રિકવર કર્યા

નર્મદા જિલ્લા ના તિલકવાડા તાલુકા ના પહાડ ગામના મર્ડર કેસને અકસ્માતમોત ના કેસ મા ખપાવનારા મર્ડર કેસના ચાર આરોપીઓને નર્મદા ન્ઝ્રમ્અને તિલકવાડા પોલીસે ઑપરેશન કરીને ઝડપી પાડ્યું છે.જેમાં પહાડ ગામના પુલ પાસેઆરોપીઓએ સનાભાઈનને માથામાં તિક્ષણ હથિયાર વડે મર્ડર કરી અકસ્માતમાં ખપાવી દેવાના ઈરાદે એકટીવા મોટરસાયકલ હાઈવે રોડ ઉપર નાખી દઈ મર્ડરકેસને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ કરતા પોલીસે અનડિટેકટ મર્ડર કેસ ને ડિટેક્ટ કરી ચાર આરોપીઓને ઝબ્બે કરી પોલીસે હથિયાર, સોનાની ચેન અને મોબાઈલ ફોન રિકવર કર્યાછે હિમકરસિંહ પોલીસ અધિક્ષક દ્વારા આપેલી સૂચનાના પગલે કેવડીયા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વાણી મેડમની નિગરાની માં ન્ઝ્રમ્ વિભાગના સ.છ પટેલ LCB ટીમ સાથે તેમજ કેવડીયા વિભાગના ઇન્ચાર્જ ૐ પીટી ચૌધરી અને તિલકવાડા પોલીસ સ્ટેશનના PSૈ એમ.બી વસાવા અને C.સ્ ગામીત પોલીસ કાફલા સાથે પહાડ ગામના પુલ પાસે સનાભાઇ નાનાભાઈ બારીયા નાઓ ને કોઈ અગમ્ય કારણોસર માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવી અકસ્માતમાં ખપાવી દેવાના ઈરાદે એકટીવા મોટરસાયકલ સાથે હાઈવે રોડ ઉપર નાખી દીધેલ. જે ગુનો તારીખ ૯ / ૭ /૨૦૨૧ ના રોજ દાખલ થયો હતો અને આ ગુનાની તપાસ દરમિયાન પ્રથમ દ્રષ્ટિએ જ મર્ડર કેસ થયેલ હોવાનું જણાઈ આવતા તમામ અધિકારીઓએ ઘનીષ્ઠ તપાસ આદરી હતી.

આ ગુનાના કામે ટેકનિકલ સર્વેલન્સ તેમજ ખાનગી બાતમીના આધારે ન્ઝ્રમ્ ટીમને માહિતી મળી હતી. જેમાં (૧) અલતાફખાન ઝાકીરહુસેન ઘોરી (૨) સદ્દામહુસેન ઝાકીરહુસેન ઘોરી (૩) અશરફખાન રસુલખાન ઘોરી (૪) અન્ય એક કિશોર (તમામ રહે ચુડેશ્વર )એ આ મર્ડર કરેલો હોવાની ચોક્કસ બાતમી મળતા બાતમીના આધારે આ ચારેય આરોપીઓને યુક્તિ-પ્રયુક્તિ થી પૂછપરછ કરી હતી. જેમાં તેઓએ અગાઉ ઝઘડાની અદાવત રાખીને આ મર્ડર કરેલ હોવાની કબૂલાત કરતાં આરોપીઓએ મર્ડર કેસમાં વાપરેલ હથિયાર તેમજ મરનાર શનભાઈની સોનાની ચેન અને નાખી દીધેલ મોબાઇલ ફોનને રિકવર કરી ગણતરીના કલાકોમાં મર્ડરના અનડીટેકટ ગુના ને ડીટેકટ કરીને તમામ આરોપીની અટક કરી તિલકવાડા પોલીસ સ્ટેશનમાં લાવ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ડીસામાં મોડી રાત્રે વીજળી પડતાં મહિલાનું મોત નિપજતાં ચકચાર મચી

પાલનપુર,તા.૧૧

બનાસકાંઠાના ડીસામાં ગત મોડી રાત્રે લાંબા વિરામ બાદ ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. જેમાં ચંદ્રલોક સોસાયટી પાસે એક રહેણાંક મકાનમાં આકાશી વીજળી પડતા એક મહિલાનું મોત થયું હતું. જેમાં બે માસુમ દિકરીઓએ માતાની છત્રછાયા ગુમાવી હતી. વીજળી એટલા અવાજ સાથે પડી હતી કે આજુબાજુના ઘરના વાસણો પણ અભરાઈ પરથી નીચે પડી ગયા હતા.ડીસામાં લાંબા વિરામ બાદ ગત મોડી રાત્રે વરસાદી માહોલ બંધાયો હતો. દિવસ દરમિયાન ભારે ઉકળાટ બાદ મોડી રાત્રના સમયે ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. જેમાં ચંદ્રલોક સોસાયટી પાસે રહેતા વિજાબેનના ઘર પર પણ આકાશી વીજળી પડી હતી. તે સમયે અચાનક વીજળી આ મહિલા પર પડતા તેનું મહિલાનું મોત થયું હતું.



અમદાવાદ ખાતે ઔડા દ્વારા નિર્મિત પાણી વિતરણની યોજના તેમજ પશ્ચિમ રેલવે, ઔડા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ની વિવિધ યોજનાઓનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરતા ગાંધીનગર લોકસભાના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ.કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ ના મત વિસ્તારમાં અમદાવાદના બોપલ ખાતે ? ૪ કરોડના ખર્ચે છેંઢછ દ્વારા બનાવેલા સિવિક સેન્ટરનુ લોકાર્પણ કરીને જનતાને સમર્પિત કર્યુ.આનાથી વિસ્તારની જનતાને કર ચુકવણી, ફરિયાદ નિવારણ તેમજ જન્મ-મરણ પ્રમાણપત્ર બનાવવા જેવી અન્ય સુવિધાઓનો પણ લાભ મળશે. આ પ્રસંગે અમદાવાદ શહેર મેયર શ્રી કિરીટભાઈ પરમાર ધારાસભ્યશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પ્રભારી શ્રી ધર્મેન્દ્ર ભાઈ શાહ પ્રભારી શ્રી અને પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહજી વાઘેલા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ શ્રી અમિતભાઈ શાહ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

# રથયાત્રા ઉત્સવ સમિતિનો ઐતિહાસિક નિર્ણય : મોડાસામાં ૩૯મી અને બાયડમાં ૭મી રથયાત્રા મૌકૂફ,ભગવાન જગન્નાથ નગર ચર્યાએ નહિ નીકળે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોનાની બીજી લહેર મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કાળરૂપી સાબીત થઈ હતી હાલ વિશ્વના અનેક દેશોમાં કોરોનાની ત્રીજી લહેરમાં અનેક લોકો સંક્રમીત થયા છે ત્યારે દેશમાં કોરોનાની સંભવીત ત્રીજી લહેરથી મોટાપ્રમાણમાં ફેલાતા સંક્રમણથી લોકોના સ્વાસ્થય સામે ગંભીર ખતરો વર્તાવાની આશંકાને લઈ પ્રજાના આરોગ્યની ચીંતા સેવી મોડાસા અને બાયડ રથયાત્રા સમીતીએ ઐતિહાસિક નીર્ણય લઈ સતત બીજા વર્ષે રથયાત્રા મૌકૂફ રાખવાનો નીર્ણય કર્યો છે નગરજનોએ અને પ્રશાસન તંત્રએ રથયાત્રા ઉત્સવ સમિતિના નિર્ણયની સરાહના કરી હતી અષાઢી બીજ ને ૧૨ જુલાઈ ના રોજ મોડાસા નગરના પ્રસિધ્ધ શ્રી બાલકદાસજી મંદિર ખાતે ભગવાન જગન્નાથજી ને ભવ્ય સુશોભિત રથમાં બીરાજમાન કરી મંદિર પરીસરમાં જ રથ ની પરીક્રમા યોજાશે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા અને બાયડ શહેરમાં દરવર્ષે ભગવાન જગન્નાથ યાત્રાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે જેમાં મોટી સંખ્યામાં ભક્તો ભગવાન




જગન્નાથની રથયાત્રામાં જોડાતા હોય છે ત્યારે શહેરમાં સતત ૩૭ વર્ષથી ભગવાન બાલકદાસજીના નિજમંદિરે થી નીકળતી ભવ્યાતિભવ્ય રથયાત્રા કોરોના સંક્રમણને પગલે ૩૮મી રથયાત્રા મૌકૂફ રહ્યા બાદ ૩૯મી રથયાત્રા પણ સ્થગીત કરાઈ છે ઉત્તર ગુજરાતમાં ભવ્યાતીભવ્ય રથયાત્રા મોડાસા શહેરમાં યોજાય છે જેમાં ખુદ ભગવાન જગન્નાથ દર્શન આપવા નીકળતા હોવાથી ભક્તો પણ આતુરતા પૂર્વક આવકારવા અનેરો ઉત્સાહ જોવા મળતો હોય છે ત્યારે મોડાસા શહેરમાં સતત કોરોનાના કેસ વધતા હોવાથી અષાઢી બીજે નીકળનારી ૩૯મી રથયાત્રા અંગે રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા દ્વારા સ્થગિત કરવામાં આવી છે અને આ અંગે સમિતિના સદસ્યોએ જીલ્લા કલેક્ટર અને ટાઉન પોલીસને આ અંગે લેખિતમાં જાણ કરી હતી રથયાત્રા ઉત્સવ સમિતિના નિર્ણયને શહેરીજનો અને વહીવટી તંત્રએ આવકાર્યો હતો બાયડ રથયાત્રા સમિતીએ શહેરમાં સરકારની નવી ગાઈડલાઈન પ્રમાણે રથયાત્રા યોજવી મુશ્કેલ જણાતા આખરે રથયાત્રા ઉત્સવ સમિતીએ રથયાત્રા બંધ રાખવાનો નિર્ણય કર્યો છે રથયાત્રા ઉત્સવ સમીતીના જણાવ્યા અનુસાર શહેરમાં કર્ફ્યુ નાખી રથયાત્રા કાઢવાનો કોઈ મતલબ નથી તેમજ રથયાત્રામાં સામેલ થનાર ભક્તોના આરટીપીસીઆર રિપોર્ટ નેગેટીવ પણ જરૂરી છે માટે ભગ્ન હ્દયે રથયાત્રા સ્થગીત કરવામાં આવી છે

# ૧૨ મી જુલાઈએ ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળશે..

## રથયાત્રા રૂટપર સવારે ૭થી ૧કર્ફ્યુ અમલમાં હોઈ ડાયવરઝન અપાયું

રાજપીપલા,તા.૧૧

તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ અષાઢી બીજના તહેવાર નિમિત્તે રાજપીપલા શહેર ખાતે ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકલશે જેમાં ભગવાન જગાન્નાથજી નગરચર્યાએ નીકળશે. આ વખતે ગુજરાત સરકારશના આમુખ-૧ ના હુકમથી કોરોના સંક્રમણની પરિસ્થિતિની સમીક્ષા કરી, ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા/શોભાયાત્રાને લગતી સૂચનાઓ આપવામાં આવેલ છે. જેને અનુલક્ષીને નર્મદા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.કે.વ્યાસે તેમને મળેલી સત્તાની રૂએ એક જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં રાજપીપલા શહેરમાં તા.૧૨/૦૭/૨૦૨૧ ના રોજ નીકળનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રા અન્વયે રાધાકૃષ્ણ મંદિર, સ્ટેશન રોડ, કોર્ટ ત્રણ રસ્તા, લાલ ટાવર, દરબાર



રોડ, જુની પોષ્ટ ઓફિસ, કાછીયાવાડ, માછીવાડ ગેટ અને સફેદ ટાવર વિસ્તારોમાં સવારના ૦૭.૦૦ કલાકથી બપોરના ૦૧.૦૦ કલાક સુધી કરફ્યુ (Curfew) નો અમલ જાહેર કરેલ છે. કરફ્યુના આ સમયગાળા દરમ્યાન માછીવાડ ગેટથી સ્ટેશન રોડ તરફ આવતા વાહનોએ હરસિધ્ધિ ભવાની મંદિર, સંતોષ ચોકડી, કાળીયા ભૂતથી વડીયા જકાતનાકા તરફ તથા કોર્ટ ત્રણ રસ્તાથી કાળાઘોડા તરફ જતા વાહનોએ કોલેજ રોડ થઈ કાળીયા ભૂતથી હરસિધ્ધિ ભવાની મંદિર થઈ કાળાઘોડા અને વડીયા જકાતનાકા તરફ જવાના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે, જાહેરનામામાં રૂટ ડાયવર્ઝનનો હુકમ કરેલ છે. આ જાહેરનામાના ભંગ બદલ 'THE INDIAN PENAL CODE`ની કલમ ૧૮૮ ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# બનાસ ફાર્મર પ્રોડ્યુસર કંપની દ્વારા વરણોસરી ગામે પ્રોસેસિંગ પ્લાન્ટ નું ઉદઘાટન

પાટણ જીલ્લાના રાધનપુર અને સાંતલપુર તાલુકા માં રીલાયન્સ ફાઉન્ડેશન ના માર્ગદર્શન માં કાર્યરત બનાસ ફાર્મર પ્રોડ્યુસર કંપની ખેડૂતો ના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરી રહી છે જેમાં ખેડૂતોની આવક વધારવી ખેતી માં તકનિકી જ્ઞાન નો વધારો કરવો ઓર્ગેનિક ખેતી જમીન સુધારણા મૂલ્ય વર્ધન ખેતી અને તે માં રોજગારી ની તકો વિકસાવવા સાથે સંગઠન અને જાગૃતી ની કામગીરી મુખ્ય છે

જે વિવિધ પ્રકાર ની કામગીરીઓ માંથી પ્રેરણા મેળવી વધુ વિકાસ કરવાના સંદર્ભ માં ખેડૂતો ની આવક બમણી થાય અને ખેડૂતો દ્વારા ઉત્પાદિત પાકો નું મૂલ્ય વર્ધન કરવા બાબતે ઘણા સમય થી કરવામાં આવતા પ્રયત્ન નાં અંતે આજે નેબ કિશાન ની લોન ની મદદ થી પ્રોસેસીગ અને પેકેજીંગ પ્લાન્ટ નું ઉદઘાટન માનન્ય શ્રી કલેકર સાહેબ ના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ કાર્યક્રમ ના પ્રાસંગિક ઉદ્બોધન માં કલેકટર સાહેબ દ્વારા

બનાસ કંપની ના ડાયરેકટરો ની કામગીરી અને દૂર દ્રષ્ટિ ને બિરદાવતા જણાવેલ કે ટુંકા સમય ગાળા માં બનાસ FPO એ કરેલ કામગીરી ખુબજ પ્રશંસાને પાત્ર છે સાંતલપુરનો આ વિસ્તાર પછાત ગણવામાં આવે છે પણ અહીયા ના



ખેડૂત આગેવાનો ના વિચાર ખૂબ ઉંચા છે

એટલે જ આ કાર્ય સફળ બની રહ્યું છે અને આગળ પણ સમીની FPO તથા સાંતલપુર ની ચોરાડ FPOઁ દ્વારા અલગ અલગ પાક માટે ના આવા યુનીટ ઉભા કરી ખેડુતો ની આવક વધારવા પ્રયત્નો કરવામાં આવસે તો આ આખા વિસ્તાર નો વિકાસ થશે એવું સુચન કર્યુ હતું કલેકટર સાહેબ ની વાત ને આગળ વધારતા ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષભાઈ પટેલ સાહેબે દ્વારા જણાવવામાં આવેલ કે આ વિસ્તાર ના ખેડૂતો ના વિકાસ માટે જીલ્લા વહીવટી તંત્ર હમેશા મદદ માટે તૈયાર રહેશે અને આવાજ વિકાસ ના વિચાર ધરાવતા ખેડૂતો અને ખેડૂત સંગઠનો ને મદદ રૂપી થવા માટે સરકાર ની વિવિધ યોજનાઓ નો લાભ મેળવી અમલીકરણ થકી વધુ પ્રગતિ સકય છે ત્યાર બાદ અધિકારીઓ દ્વારા તીડ નીયંત્રણ માટે સરકાર માંથી મળેલ પંપનો ડેમો કરી ખેડુતો ને તેના ફાયદા અંગે માહિતી આપતા આઈ ખેડૂત પોર્ટલ દ્વારા સરકારીશ્રી ની ખેતીવાડી માટેની સહાય મેળવવા અંગે ખેડુતો ને માહિતી માર્ગદર્શન આપેલ આ પ્રસંગે નાબાર્ડ ના ડી.ડી.એમ.શ્રી વર્મા સાહેબ, જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી શૈલેષભાઈ પટેલ સાહેબ,

પ્રાન્ત અધિકારી શ્રી ટાંક સાહેબ તથા રીલાયન્સ ફાઉન્ડેશન ના ટીમ લીડર નિરપતસિહ કિરાર અને રાધનપુર રીલાયન્સ ફાઉન્ડેશન ની ટીમ ઈફકો માંથી ભુપેશભાઈ તેમજ બનાસ ફાર્મર પ્રોડ્યુસર કંપની ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ચોરાડ પ્રોડ્યુસર કંપની શાંતલપુર તથા સમી વિસ્તાર ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની સમી ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા ખેડુત સભાસદો આગેવાનો ની હાજરી મા વૃક્ષારોપણ કરી કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરેલ એવું બનાસ ફાર્મર પ્રોડ્યુસર કંપની ના ચેરમેન કરશનજી જાડેજા ની લેખિત યાદી માં જણાવેલ.

# કેવડીયામાં સ્થપાયું પ્રથમ ઈલેક્ટ્રિક વાહન માટેનું ચાર્જીંગ સેન્ટર, બે કલાકમાં થશે ૧૦૦ ટકા ચાર્જ

રાજપીપલા, તા ૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેવડીયા કોલોની વિસ્તારને પ્રથમ ઇ-વ્હિકલ સીટી તરીકે જાહેર કરીછે જે સંદર્ભે કેવડીયા ખાતે પ્રથમ ઈલેક્ટ્રિક વાહન માટેનુ ચાર્જીંગ સેન્ટર બનાવાયુ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેવડીયા કોલોની વિસ્તારને પ્રથમ ઇ-વ્હિકલ સીટી તરીકે જાહેર કરી હતી. જે સંદર્ભે કેવડીયા ખાતે પ્રથમ ઈલેક્ટ્રિક વાહન માટેનુ ચાર્જીંગ સેન્ટર બનાવાયુ છે. જ્યાં હવે ઇ-કાર, ઇ-રિક્ષાઓ, સહીત ના ઈલેક્ટ્રિક વેહિકલ ચાર્જ થઈ શકશે. રાજ્ય સરકારે ઈલેક્ટ્રિક વાહનો માટે પોલિસી જાહેર કરી છે. ટાટા પાવરે ચાર્જીંગ સ્ટેશન સ્થાપ્યુ છે. આ ચાર્જીંગ સ્ટેશન પર વાહન ૨ કલાકમાં ૧૦૦ ટકા ચાર્જ થઇ જશે. જયારે આ ચાર્જીંગનું પેમેન્ટ કેસલેશ હશે. ટાટા પાવર ઈવી ચાર્જ બસ, કાર અને રીક્ષામાં પ્રવાસીઓને કેવડિયાથી સ્ટેચ્યુ જોવા




લઈ જવાશે. કેવડીયાને નો પોલ્યુશન ઝોન બનાવવાનો સરકારનો પ્રયાસની શરૂઆત કરી દેવામાં આવી છે. આ ચાર્જીંગ સ્ટેશન પર વાહનનું ચાર્જીંગ ૧૦૦ ટકા થતા ૨ કલાકનો સમય લાગશે. વાહન ચાલકના મોબાઈલમાં ચાર્જીંગની એક એપ્લિકેશન હશે. જેમાંથી જ પેમેન્ટ ઑનલાઇન થઈ જશે. જેટલું ચાર્જીંગ થયું હશે તે પ્રમાણે પેમેન્ટ ઑટોમૅટિકલી કપાય જશે. હાલ તો એક જ ચાર્જીંગ સ્ટેશન ઉભું કરવામાં આવ્યું છે. જેમાં એક સાથે ૨ વાહનને ચાર્જ કરી શકાશે. જયારે અગાઉના દિવસમાં અહીં સરકાર દ્વારા બીજા ચાર્જીંગ સ્ટેશન શરુ કરવામાં આવશે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## અમદાવાદમાં ૬૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર

# સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાં આંતરરાષ્ટ્રીય સ્તરની તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે

અમદાવાદ,તા.૧૧

અમદાવાદના નાગરિકોને નજીકના ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો લાભ મળશે. નારણપુરામાં વરદાન ટાવર નજીક લગભગ ૨૦ એકર જમીનમાં અંદાજે રૂ.૫૫૦ કરોડથી ૬૦૦ કરોડના ખર્ચે તૈયાર થનારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં આંતરરાષ્ટ્રીય સ્તરની રમત ગમતની સુવિધાઓ ઉપલબ્ધ થશે.

કેન્દ્ર સરકારના નાણાંમંત્રાલયની મંજૂરી અને બજેટ ફાળવાયા પછી ત્રણ વર્ષમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો પ્રોજેક્ટ પૂરો કરાશે. વરદાન ટાવર નજીક નવું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવા માટે જૂની ત્રિપદા સ્કૂલના ડિમોલીશન સહિતની કામગીરી હાથ ધરાઈ છે. ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં મોટેરા ખાતે નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરતાં વેળા જાહેરાત કતરી હતી કે મોટેરામાં વૈશ્વિક સ્તરના સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એક્લેવ માટે નારણપુરામાં આકાર લેનાર સ્પોર્ટ્સ કોમ્લેક્સ પૂરક બની રહેશે.

એએમસી અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા બનાવામાં આવનાર આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટેની ડિઝાઈન શહેરના જાણીતા આર્કિટેક્ટ સચિન ગાંધી એન્ડ એસોસીએટ્સે તૈયાર કરી છે અને નારણપુરાના શાસ્ત્રીનગરમાં અંદાજે ૧૯.૬૪ એકર જમીનમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવામાં આવશે. ગત મહિને અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ઓલિમ્પિકનું આયોજન કરવા માટે શહેરના સ્પોર્ટ્સ અને નોન-સ્પોર્ટ્સ સ્થળોનું મૂલ્યાકન કરવા માટે કન્સલ્ટન્ટને બોલાવ્યા હતા. આ પ્રોજેક્ટ માટેની દરખાસ્ત મંજૂરીના છેલ્લાં તબક્કામાં છે.




ભિલોડા તાલુકા ના વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અરવલ્લી, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી અરવલ્લી તથા તાલુકા આરોગ્ય અધિકારી ભિલોડા ડૉ. એ. જે. વૈષ્ણવ ના માર્ગદર્શન હેઠળ × વિશ્વ વસ્તીદિન - ૨૦૨૧ × ઉજવણી થઈ રહી છે. જેના ભાગરૂપે તા.૧૧/૦૭/૨૦૨૧ ×વિશ્વ વસ્તીદિન × ના રોજ તાલુકા આરોગ્ય કચેરી, ભિલોડા ખાતેથી × જન - જાગૃતિ રેલી × કાઢવામાં આવી હતી.આ રેલી દરમિયાન આરોગ્ય ને લગતાં સૂત્રો પોકારી લોકોમાં આરોગ્ય ના વિવિધ સંદેશાઓ આપવા નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તબક્કે રેલીમાં તાલુકા આરોગ્ય નિરીક્ષક આર. એ.વણકર ભિલોડા , આર. બી. એસ. કે. મેડિકલ ઓફિસર, બ્લોક હેલ્થ વિઝીટર ,ફીમેલ હેલ્થ વર્કર , મ.પ.વ. કાર્યકર,આશા કાર્યકર બહેનો,આશા ફેસિલેટર બહેનો વગેરે જોડાયા હતા. આ રેલી વખતે લોકોને × નાના કુટુંબ ના ફાયદા × વસ્તી વધારા ની સમસ્યાઓ વિશે સંજયભાઈ બારોટ ,તાલુકા આઈ. ઈ. સી. સુપરવાઈઝર ભિલોડા એ વિસ્તૃત માહિતી આપી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો.

# નર્મદા સહિત ગુજરાતમા ગ્રામ પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાના મામલે આમૂ સંગઠન નર્મદા એ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

## આમૂ સંગઠન નર્મદાના પ્રમુખ મહેશભાઈ વસાવાએ હાઈકોર્ટ મા જાહેરહીતની અરજી દાખલ કરીછેલ્લા અઢી વર્ષથી ગ્રામ પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાના મામલે તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો છતાં કોઈ પરિણામ ન આવતા લડાયક મૂડમાં



રાજપીપલા, તા ૧૧

નર્મદા સહિત ગુજરાતમા ગ્રામ પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાના મામલે આમૂ સંગઠન નર્મદા એ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યાછે. જેમાં આમૂ સંગઠન નર્મદાના પ્રમુખ મહેશભાઈ વસાવાએ હાઈકોર્ટ મા જાહેરહીતની અરજી દાખલ કરીછે.

તેમના જણાવ્યા અનુસાર છેલ્લા અઢી વર્ષથી ગ્રામ પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાના મામલે તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો છતાં કોઈ પરિણામ ન આવતા આમું સંગઠન છેલ્લા સપ્તાહ મા પાંચ દિવસના ધરણા પણ કર્યા હતા અને અનેક રજુઆતોપણ કરી હતી છતાં તંત્ર દ્વારા કોઈ નિરાકરણ ન આવતા મહેશભાઈ વસાવાએ હવે સમગ્ર ગુજરાતમાંબાકી રહેલા ગામોને પંચાયતોને સ્વતંત્ર દરજ્જો આપવાની માંગ કરી છે તેમના જણાવ્યા અનુસર ગુજરાતમા કૂલ ૧૮૫૮૪ ગામડાઓ આવેલાછે તે પૈકી પંચાયતોને સ્વતંત્ર દરજ્જો મળી ચુક્યો છે પણ હજી ૪૫૬૭પંચાયતોને સ્વતંત્ર દરજ્જો મળ્યો નથી. જે માટે તેમણે લડત ઉપાડી છે.જયારે આદિવાસી વિસ્તાર નર્મદા જિલ્લા મા ૬૧૩ ગામડાઓ પૈકી હજી ૩૧૪ ગામોને પંચાયતોને સ્વતંત્ર દરજ્જો મળ્યો નથી.તે માટેની પણ તેમની લડત છે

મહેશ વસાવાએ જણાવ્યું હતું કે હવે ગ્રામ પંચાયત /તાલુકા પંચાયત/જીલ્લા પંચાયત ના ઠરાવ ની કોઈ જરુર નહિ પડે એમના ઠરાવો તિજોરી મા સંગ્રહી રાખે તેવુ જણાવવામાં આવે છે

ગુજરાત હાઈકોર્ટ ગરીબ ગામડાઓ ના હિતમાં અને ન્યાય ના હિતમાં ઐતિહાસિક ચૂકાદો અને યોગ્યે ન્યાય આપશે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ. આ કેસમાં

ગુજરાત રાજ્ય સરકાર ના ઁછજી સહિત ના ૧૨ અધિકારી ઓને પક્ષકાર બનાવામા આવ્યા છે.યોગ્ય ચુકાદા થી દરેક ગામ ને સ્વતંત્ર ગ્રામ પંચાયત મળશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# ગુજરાત યુનિવર્સિટીની ઓફલાઈન પરીક્ષા આગામી ૨૭ જુલાઈથી લેવાશે

અમદાવાદ,તા.૧૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઓફલાઈન પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. BA, B.COM, BBA, BCA, BSC, MA, M.COM, MSW, LLB, B.ED સહિતના કોર્ષની પરીક્ષા ૨૭ જુલાઈથી ઓફલાઈન લેવામાં આવશે. ઓનલાઈન પરીક્ષા આપી હોય તે સિવાયના વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષા યોજાશે. વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી હોલ ટિકિટ જાતે મેળવવાની રહેશે.જે વિદ્યાર્થીઓએ ઓનલાઈન વિકલ્પ પસંદ કર્યો છે અને કોઈક ટેકનિકલ કારણોસર કોઈપણ એક કે તેથી વધુ કે તમામ પેપરની પરીક્ષા ઓનલાઈન આપી શકેલ નથી. તેવા વિદ્યાર્થીઓ ઓફલાઈન પરીક્ષા આપી શકશે. તેમની હોલ ટિકીટ પણ તે પ્રમાણે નીકળશે. જો કોઈ વિદ્યાર્થી ઓનલાઈન પરીક્ષામાં જે તે પેપરમાં હાજર રહ્યો હોય અને ગમે તે કારણોસર પરીક્ષા પુરી ના કરી શક્યો હોય, તે ઓન રેકોર્ડ પ્રેઝન્ટ હોય તો તે વિદ્યાર્થી તે પેપરની ઓફલાઈન પરીક્ષા આપી શકશે નહીં. વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા અને હોલ ટિકીટ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.